# લપસણીની શોધ

– રશ્મિન મહેતા

ઘણાં વર્ષો પહેલાંની વાત છે.

વાત છે એટલે વાર્તા નહિ; પણ હકીકતમાં બની ગયું હતું તે ઘટનાની કહાણી છે.

સ્પેન નામનો એક દેશ છે, તેમાં એક ચિત્રકાર રહેતો હતો. તેનું નામ માઈકેલ રુસ્તાનો. તેના દીકરાનું નામ હતું રોબિન, તે નાનો હતો ત્યારે જ તેની માતા અવસાન પામી. એ વખતે રોબિનની વય માંડ છ વર્ષની હતી.

માઈકેલ પત્નીના મરણથી બહુ દુઃખી થયો હતો. હવે તો દીકરાને ઉછેરીને મોટો કરવાની જવાબદારી પણ તેના પર આવી પડી હતી. તે ઘરમાં બેસીને જ ચિત્રો દોરતો હતો અને અઠવાડિયે ભરાતા બજારમાં જઈને વેચી આવતો હતો. તેની આવકમાંથી બાપ–દીકરાનું ચાલતું હતું.

થોડા વખત પછી તેણે દુઃખ ભૂલવા માટે બહાર જઈને કુદરતી દૃશ્યો ચિતરવા માંડયાં. તે પોતાની સાથે રોબિનને લઈ જાય. ચિત્રો દોરવાનાં સાધનો અને નાસ્તો પણ લઈ જાય. એકાદ સુંદર જગ્યા પસંદ કરીને ત્યાં ચિત્ર દોરવા બેસી જાય.

એક દિવસ તેને લાકડાનું એક લાંબું પાટિયું જડયું. તેણે એ પાટિયું ઊંચકવાનો પ્રયત્ન કર્યો; પણ નાના રોબિનથી એટલું બધું વજન ઊંચકાયું નહિ. છતાં તેણે જેમ તેમ પાટિયાને ઊંચકીને એક ઊંચી જગ્યાએ ગોઠવ્યું. પાટિયાના છેડા પાસે એક ખાડો હતો. પાટિયું ખાડા તરફ સરકી ગયું. તેથી તેના બીજા છેડાને એ ખાડાનો ટેકો મળી ગયો. આમ કુદરતી રીતે જ પાટિયું ત્રાંસુ ગોઠવાઈ ગયું.

પાટિયાનો એક છેડો–ઊંચો હતો અને બીજો છેડો નીચે હતો. આવી સ્થિતિમાં પાટિયું બરાબરનું ગોઠવાયેલું જોઈને રોબિન ટેકરી પર ચડયો. ત્યાંથી ધીમે ધીમે પાટિયા પર લપસીને તે નીચે આવ્યો. પાછો દોડીને એ ટેકરી પર ચડી ફરીથી લપસવા લાગ્યો. આ રમતમાં તેને બહુ મઝા પડી. એ પાટિયા પર ચડ–ઊતર કરવા લાગ્યો.

એક દિવસ ઝડપથી લપસવા જતાં રોબિન પાટિયા પરથી લપસી ગયો. તેણે સમતોલપણું ગુમાવ્યું હતું. તેને વાગ્યું હતું. તેથી તે મોટેથી રડવા લાગ્યો. તેનો રડવાનો અવાજ સાંભળીને માઈકેલ ત્યાં દોડી ગયો. પિતાએ દીકરાને ઊંચકી લીધો. ચિત્રો દોરવાનું કામ સમેટી લઈને માઈકેલ પોતાને ઘેર

ગયો. રોબિનને જ્યાં વાગ્યું હતું ત્યાં દવા લગાડી, આથી તેને સારું લાગ્યું. બીજા દિવસે માઈકેલ ચિત્રો દોરવા બહાર જતો હતો. ત્યારે રોબિન ઈજા થવાના કારણે સાથે જઈ શક્યો નહિ. પણ તેણે પિતાને કહ્યું : ''પેલું પાટિયું તમે લેતા આવજો આપણા ઘરના આંગણામાં તેને ગોઠવીશું. પછી તો રોજ હું ઘરના આંગણામાં જ રમીશ.''



માઈકેલ પાટિયું લઈ આવ્યો. તેના પર રંધો ઘસીને, પિતાએ પાટિયાની એક બાજુની સપાટી લીસી બનાવી. અગાઉ રોબિન એ પાટિયા પરથી ગબડી પડ્યો હતો. આથી પિતાએ પાટિયાની બંને બાજુએ નાનકડો કઠેડો બનાવ્યો. પાટિયા પર ચડવા માટે નિસરણી પણ ગોઠવી આપી. આ રીતે દુનિયાની પહેલી 'લપસણી' તૈયાર થઈ.

ઘર–આંગણે લપસણી પર લપસવાની રોબિનને મઝા પડી ગઈ. પછી તો રોબિનના કેટલાય મિત્રો લપસણી ખાવા માટે પડાપડી કરવા લાગ્યા. જોતજોતામાં એ લપસણી લોકપ્રિય થઈ ગઈ. વખત જતાં એ લપસણીમાં જાતજાતના સુધારા થયા.

થોડા વખત પછી પતરાની લપસણી બનવા લાગી. બાળકોને લપસવાની મઝા પડતી હતી, તેથી બગીચાઓમાં લપસણીને જગ્યા મળી ગઈ.

આજે તો દુનિયાના લગભગ બધા જ દેશોમાં, નાનાં બાળકોની શાળાઓમાં અને જાહેર બગીચાઓમાં લપસણીને સ્થાન મળી ગયું.

હવે તો કેટલીક જગ્યાએ રંગબેરંગી પ્લાસ્ટિકની લપસણીને પણ જોવા મળે છે.

આમ લપસણી બનાવવાનું માન રોબિનના પિતા માઈકેલના ફાળે જાય છે. એક ચિત્રકારે પોતાના દીકરાના આનંદ માટે જે લપસણી બનાવી હતી, તે દુનિયાભરનાં બાળકો માટે અણમોલ ભેટ સમી બની ગઈ.

■